# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-03-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ રાજ્યના ચાર દિવસીય પ્રવાસના અંતિમ દિવસે વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરાની મુલાકાત લીધી
2. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું , આગામી ત્રણ વર્ષમાં દાહોદમાં બનેલા લોકોમોટિવ એન્જિનની નિકાસ થશે.
3. કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું, આગામી પાંચ વર્ષમાં ચાર કરોડ નોકરી માટે 2 લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે
4. ભાવનગરના યાત્રીઓની બસનો ઉત્તરપ્રદેશના બરેલી નજીક થયેલા અકસ્માતમાં બે ના મોત નિપજ્યાં – ત્રણને ઈજા
5. કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલે સુરતમાં આગની ઘટના અંગેની રિલિફ ફંડ કમિટીમાં ભાજપ તરફથી 11 લાખ રૂપિયાની સહાય જાહેર કરી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PRESIDENT VISIT OVERALL

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગુજરાત પ્રવાસના અંતિમ દિવસે આજે કચ્છના ખડીર બેટ સ્થિત ધોળાવીરાની મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન શ્રીમતી મુર્મુએ હડપ્પન સંસ્કૃતિ , રહેણીકરણી, મહાનગરમાં જળસંગ્રહ તથા નિકાલની અદભૂત વ્યવસ્થા તેમજ વિશાળ દીવાલો વિશે વિગતવાર માહિતી મેળવી હતી . ચાર દિવસના પ્રવાસ દરમિયાન શ્રીમતી મૂર્મુએ પ્રથમ દિવસે એકતાનગરમાં સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત લીધી હતી.

બીજા દિવસે આરોગ્યવન , મિયાવાકી ફૉરેસ્ટ , જંગલ સફારી અને એકતા કૌશલ્ય વિકાસ કેન્દ્રની મુલાકાત લીધી હતી. અને અમદાવાદમાં રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થા- N.I.D.ના 44મા પદવીદાન સમારોહમાં તેમજ ત્રીજા દિવસે ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી- NFSUના ત્રીજા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. એ જ દિવસે ભુજના સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને સંગ્રહાલયની મુલાકાત લીધી. સાથે જ ધોરડો ખાતે વણાટ કળા , રોગન કળા અને ભરત કામના કારીગરો સાથે મુલાકાત કરી સંવાદ કર્યો હતો.

. . . . . . . . . . . . .

# ASHWINI VAISHNAV KHEDA

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ખેડા જિલ્લાના ઉત્તરસંડા પાસે નવ નિર્મિત બુલેટ ટ્રેન પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, મુંબઈ-અમદાવાદ કોરીડોરથી રૂટ પરના શહેરો સિંગલ ઈકોનોમિક ઝોનમાં તબદિલ થશે અને તેનાથી અર્થતંત્રમાં ગતિશીલતા આવશે. આ અંગે શ્રી વૈષ્ણવે વધુ માહિતી આપી.

(બાઇટ: અશ્વિની વૈષ્ણવ - કેન્દ્રીય રેલવે મંત્રી)

શ્રી વૈષ્ણવે બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરીની પ્રશંસા કરતા જણાવ્યું કે 360 કિ.મી જેટલી લાઈનનું કામ પુર્ણતાના આરે છે. શ્રી વૈષ્ણવે દાહોદ રેલવે સ્ટેશનની મુલાકાત લઈ , લોકોમોટિવ રોલિંગ સ્ટોક વર્કશોપના ચાલી રહેલા કાર્યનું પણ નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે શ્રી વૈષ્ણવે જણાવ્યું, આગામી ત્રણ વર્ષમાં દાહોદમાં બનેલા લોકોમોટિવ એન્જિનની નિકાસ થશે.

(બાઇટ: અશ્વિની વૈષ્ણવ - કેન્દ્રીય રેલવે મંત્રી, એન્જિન)

. . . . . . . . . . . . .

# MANDVIYA RAJKOT

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું આગામી પાંચ વર્ષમાં ચાર કરોડ નોકરી માટે 2 લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે. રાજકોટમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના બજેટ અંગે માહિતી આપતા શ્રી માંડવિયાએ આ મુજબ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે યુવાનોને દેશની 500 જેટલી મહત્વની પ્રીમિયમ પ્રકારની કંપનીઓમાં એક વર્ષ સુધી ઇન્ટર્નશીપ આપવામાં આવશે. જેના કારણે દેશની અન્ય કંપનીઓને પણ લાભ થશે.

શ્રી માંડવિયાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે દ્વારા ઘેડ પંથક એટલે કે પોરબંદર-જુનાગઢ પંથકના વિસ્તાર માટે એક હજાર 500 કરોડ રૂપિયાનું બજેટ ફાળવવાનું આયોજન કર્યું છે. જેનાથી ઘેડ પંથકનો સર્વાંગી વિકાસ કરવામાં ઘણી જ મદદ મળી રહેશે.

. . . . . . . . . . . . .

# GPSC EXAM TIMETABLE

ગુજરાત જાહેર સેવા આયોગ-GPSC દ્વારા આગામી પરીક્ષાઓનુ સમય પત્રક નક્કી કરાયું છે. ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ તથા ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧/૨ ની પ્રિલીમ પરીક્ષાઓ આગામી 20 એપ્રિલ અને મુખ્ય પરીક્ષા 20 થી 29 એપ્રિલ દરમિયાન લેવાશે. GPSC દ્વારા પરીક્ષાઓ બાદ પરિણામનો સમય પણ નક્કી કરવામાં આવ્યો છે. આ અંગે વધુ માહિતી ગુજરાત જાહેર સેવા આયોગના અધ્યક્ષ હસમુખ પટેલે વધુ માહિતી આપી.

(બાઈટ- હસમુખ પટેલ, ચેરમેન GPSC)

મદદનીશ વન સંરક્ષક તથા પરિક્ષેત્ર વન અધિકારી વર્ગ-૨ની પ્રિલીમ પરીક્ષા આગામી 6 જૂન અને મુખ્ય પરીક્ષા આગામી 10 ડિસેમ્બરથી 17 ડિસેમ્બર દરમિયાન લેવાશે. આ ઉપરાંત હિસાબી અધિકારી વર્ગ-૧/૨ ની પ્રિલીમ પરીક્ષા પણ આગામી 6 જૂન અને મુખ્ય પરીક્ષા 10 ડિસેમ્બરથી 17 ડિસેમ્બર દરમિયાન લેવાશે.

. . . . . . . . . . . . .

# DAMAN PM WEBINAR

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આજે "કૃષિ અને ગ્રામીણ સમૃદ્ધિ" વિષય પર પોસ્ટ-બજેટ વેબિનાર યોજાયો હતો. જેમાં સમગ્ર દેશમાંથી અનેક ખેડૂતો જોડાયા હતા.** કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલીના પણ અનેક ખેડૂતો હાજર રહ્યા હતા. વેબીનારમાં શ્રી મોદીએ ખેડૂતોને લગતી લગતી અનેક યોજનાઓ અને લાભો વિશે જણાવ્યું હતું. આ અંગે નોડલ અધિકારી મનોજસિંહે વધુ માહિતી આપી.

(બાઇટ: મનોજ સિંહ – નોડલ અધિકારી )

. . . . . . . . . . . . .

# BHAVNAGAR ACCIDENT

ભાવનગરના કુંભયાત્રીઓની બસનો અકસ્માત થતાં બે યુવાનના મોત થયા છે. જ્યારે ત્રણને ગંભીર ઈજા પહોંચી છે. ઉલ્લેખનીય છે કે ભાવનગરમાંથી પ્રયાગરાજ માટે ગયેલી યાત્રીઓની બસને અયોધ્યાથી હરિદ્વાર જવાના રસ્તે બરેલી નજીક ગંભીર અકસ્માત થયો હતો.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

………………………………

# SURAT CR PATIL

કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલે સુરતમાં આગની ઘટનાને લઈ રચાયેલી રિલીફ ફંડ કમિટીમાં શહેર ભાજપ તરફથી 11 લાખ રૂપિયાની સહાય જાહેર કરી છે. આ પ્રસંગે શ્રી પાટિલે જણાવ્યું કે ફોસ્ટાના પાંચ પ્રતિનિધિ મુખ્યમંત્રીને મળશે અને સહાય માટે રજૂઆત કરશે.

(બાઇટ: સી આર પાટીલ – કેન્દ્રીય મંત્રી અને ગુજરાત પ્રદેશ અધ્યક્ષ)

. . . . . . . . . . . . .

# GUJARAT AI ECOSYSTEM

ગુજરાત વ્યૂહાત્મક પહેલ અને માળખાકીય વિકાસ દ્વારા કૃત્રિમ બુદ્ધિમત્તા- AI ઇકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના નેતૃત્વ હેઠળ , નવપ્રયોગ, સુશાસન, અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુથી શ્રેણીબદ્ધ વ્યૂહાત્મક પહેલો દ્વારા AIને વેગ આપવામાં નોંધપાત્ર પ્રગતિ કરી રહી છે.

રાજ્ય સરકાર દ્વારા ગિફ્ટ સિટી ખાતે AI સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરવા, AI ઇનોવેશન ચેલેન્જ શરૂ કરવા, AI ટાસ્કફોર્સ અને AI કાર્ય યોજના તૈયાર કરવા, AI સાક્ષરતા અને ક્ષમતા નિર્માણ પહેલ, શાસન માટે AI આધારિત ઉપાયો વિકસાવવા, GPU-આધારિત AI માળખા માટે સહયોગ કરવો , તેમજ સેવા તરીકે AI-Bot અને AI-સંચાલિત ભાષાકીય ઉપાયો વિકસાવવા માટે સક્રિય પગલાં લીધા છે.આ પહેલ રાષ્ટ્રીય AI મિશન અને ડિજિટલ ઇન્ડિયા વિઝન સાથે સુસંગત છે અને તે ગુજરાતને AI-આધારિત પરિવર્તનમાં અગ્રણી તરીકેનું સ્થાન અપાવે છે.

. . . . . . . . . . . . .

# Dang POSHAN UTSAV 2024

સુરત ઝોન કક્ષાનો ‘’પોષણ ઉત્સવ-૨૦૨૪ ‘’ નો કાર્યક્રમ ગુજરાત વિધાનસભા નાયબ દંડક વિજય પટેલના અધ્યક્ષ સ્થાને વઘઇ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં આઈસીડીએસ અને આંગણવાડી કાર્યકર બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પોષણ ઉત્સવ-૨૦૨૪ માં સુરત , વલસાડ, નવસારી, ભરૂચ, તાપી, નર્મદા અને ડાંગ જિલ્લાની બહેનોએ કાર્યક્રમ સ્થળે વાનગી સ્ટોલ ઉભા કરીને વિવિધ વાનગી પ્રદર્શિત કરી હતી. આ અંગે વિધાનસભા નાયબ દંડક વિજય પટેલે વધુ માહિતી આપી.

(બાઈટ -- વિધાનસભા નાયબ દંડક વિજય પટેલ)

આ પ્રંસગે શ્રી પટેલે બાળકો , કિશોરીઓ, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતા સુપોષિત બને તે માટે તેઓના રોજિંદા આહારમાં પૌષ્ટિક આહારનો ઉપયોગ કરવા જણાવ્યું હતું.

. . . . . . . . . . . . .

# PATAN BALVANTSINH RAJPUT

આજના ઇનોવેટિવ વિદ્યાર્થીઓ વિકસિત ભારતની અર્થવ્યવસ્થા માટે મક્કમ આધાર બની રહેશે. પાટણના સિદ્ધપુરની આગાખાન શાળામાં અટલ ટિંકરિંગ લેબનું ઉદ્ઘાટન કરતાં ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે આમ જણાવ્યું હતું.

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીના નામ પર રાખવામાં આવેલી અટલ ટિંકરિંગ લેબ નવીનતા અને ટેકનોલોજીના પ્રવેશદ્વાર તરીકે કામ કરી રહી છે અને શાળાઓમાં નવીનતા અને ઉદ્યોગ સાહસિકતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપી રહી છે.

. . . . . . . . . . . . .

# SURAT BLIND STUDENTS

સુરતમાં અંધજન શિક્ષણ મંડળ સંચાલિત શાળામાં ચાલુ વર્ષે ધોરણ 10 ના કુલ 13 વિદ્યાર્થીઓ માંથી 11 વિદ્યાર્થીઓ રાઇટરની મદદથી પરીક્ષા આપી રહ્યા છે જ્યારે બે વિદ્યાર્થીઓ રાઇટરની મદદ લીધા વિના પેપર જાતે ટાઈપ કરીને લેપટોપ પર પરીક્ષા આપી રહ્યા છે આજરોજ ધોરણ 10 નું સ્ટાન્ડર્ડ મેથ્સ અને બેઝિક મેથ્સ નું પેપર હતું. જેમાં ગુજરાતમાં પ્રથમવાર ધોરણ 10 ના બે પ્રજ્ઞા ચક્ષુ વિદ્યાર્થીઓએ સ્ટાન્ડર્ડ મેથ્સ સાથે લેપટોપ પર પરીક્ષા આપી છે.

ધોરણ 12 માં ચાલુ વર્ષે કુલ 15 પ્રજ્ઞા ચક્ષુ વિદ્યાર્થીઓમાંથી એક વિદ્યાર્થીની લેપટોપ પર પરીક્ષા આપી રહી છે.

. . . . . . . . . . . . .

# PANCHMAHAL PLASTIC BAG

પંચમહાલ જિલ્લાની હાલોલ નગરપાલિકા અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે સંયુક્ત રીતે વડોદરા રોડ પર આવેલી બે કંપનીમાં દરોડા પાડ્યા હતા. જેમાં મહાકાળી એન્ટરપ્રાઇઝ અને હાઈટીચ એન્ટરપ્રાઇઝમાંથી 55 લાખ રૂપિયાનો 33 ટન પ્રતિબંધિત પ્લાસ્ટિક બેગનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ હાલોલ GIDC વિસ્તારમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટિકની વિવિધ પ્રકારની કેરી બેગ 850 ટન જપ્ત કરાયો હતો.

. . . . . . . . . . . . .